
એ વહિવટી તંત્ર સુધરશે?

Reg. No. B. 3220




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ ]શ્રી જૈન યુથ સીંડીકેટ ( તરુણ જૈન સમિતિ )નું મુખપત્ર[ વર્ષ ૧ લું અંક ૧૫ મો.
છુટક નકલ ૧ આનો. ] તંત્રી: મણીલાલ એમ. શાહ. [ બુધવાર તા. ૧-૮-૩૪

## સાચા સેવકો.

કામ કરનારમાં શુધ્ધ નિઃસ્વાર્થ વૃત્તિ હોય, કીર્તિની ઝંખના ન હોય; ઉંડે ઉંડે પણ મનમાં કોઇ જાતનાં લોભ લાલચ ન હોય, પોતે ચારિત્ર્યશીલ હોય અને જીવન સાદું હોય. તે અતિ ઉગ્ર કે અભિમાની ન હોય. તેનામાં મહેચ્છા. શક્તિ. હિંમત. અને નિર્ભયતા સાથે ધીરજ અને નમ્રતા હોય. સૌની સાથે કામ લેવાની તેનામાં સહજ આવડત હોય, ખુબ ઉત્સાહી અને આશાવાદી હોય અને ધ્યેય નજર સામે સ્પષ્ટ હોય તો કોઇની પણ ખોટી ખુશામત કર્યા સિવાય તેમજ કોઇને નિષ્કારણ નારાજ કર્યા વિના તે પોતાનું કાર્ય ચલાવ્યે જાય છે; તેના કાર્યમાં વિઘ્નો આવે તો પણ તેને પહોંચી વળવાને શક્તિ ધરાવતો થઇ જાય છે; અને સ્વયંસ્ફુરિત સત્ય માર્ગ સાંપડે છે.

# યુવાન ઉઠ!

સ્વાર્થની પાછળ કાયા નીચોવતો યુવાન યુવાન નથી પણ પરના ભલા માટે કાયા નીચોવતો જુવાન છે! યુવાનને ભીખારીઓના ટોળા ઉપર ધિક્કાર વછુટે છે, એ તો દંભના પડદા ચીરવા મેદાનમાં કુદી પડે છે, નબળાઇ ને ભીરૂતાપર લાલ આંખ કરે છે.

કોડી કોડીનો હીસાબ ગણી દૂર ઉભે નફાતોટાનો દરિયો ડોળી રહેલો સાહસ ખેડી શકતો નથી, પણ યુવાનજ સાહસની સમશેર લઇ ઉછળતી આગમાં કુદી પડે છે!

અકાળે વૃદ્ધ બની બેઠેલા યુવાનો જ્યારે 'ભય' શબ્દથી કંપી ઉઠે છે; ત્યારે સાચ્ચો યુવાન એ ભયનું નિવારણ કરવા હસતે વદને ટીપે ટીપે જીવન નીચોવી આપવામાં ગૌરવ માને છે.

અરે યુવાન! સંસ્થાઓની રગશીયા ગાડા શી ચાલે! ધર્મના નામે થતા પોકળ પોકારોએ, જ્ઞાતિના વર્તુળોએ, વિધવા પ્રત્યેની ઘાતકી વર્તણુકે, સ્ત્રીઓ પ્રત્યે પુરૂષોના વલણે, અને સાધુશાહીએ તારી સમાજને પછાડી છીન્નભીન્ન કરી નાંખી છે!

એ સુકાન પડું પડું થઈ રહ્યું છે!

ઉઠ! શકિતની જ્યોત સમા ઝળહળતા ઓ જુવાન! ઉઠ અને ઝળહળતી રોશનીને ફેરવ.

કે જેના પ્રકાશથી સમાજને ભરખી રહેલાં તત્ત્વો ધુવડની પેઠે અદ્રશ્ય થઈ જાય.

# પ્રાસંગિક નોંધ.

## અગત્યનો ખુલાસો.

તરૂણ જૈન સમિતિના આ મુખપત્રને શરૂ થયાને હજી પુરા સાત માસ થયા. ન થયા ત્યાં તો ભાઇ ચંદ્રકાન્ત સુતરીયાએ અકસ્માત તંત્રી તરીકે છુટા થવાનું રાજીનામું આપ્યું, સમિતિની સભા મળી, તેઓને તંત્રીપદ પર નિયત રહેવા સમજાવવા પ્રયાસ થયા, ને એમાં નિષ્ફળતા મળી; આખરે એમણે તરૂણ દ્વારા બજાવેલી સેવાની નોંધ લઇ મુક્ત કરવા સમિતિની સભામાં નક્કી થયું. બીજી તરફ વર્ષમાં પાંચમાસ અધુરા છે, તે અધુરા પુરા કરવા જોઇએ અને આવકોના રૂણમાંથી મુક્ત થવું જોઇએ, એ પ્રસંગ સૌના દીલને મુંઝવી રહ્યો હતો. સમાજમાં પગમાંડી "બીજે વર્ષે" ચાલવાની તરૂણજૈન શરૂઆત કરે. આને લગતો વિચાર થાય ને પહેલાં ચાલુ વર્ષના તંત્રી સ્થાને રહેવા લેખનકળાથી અપરીચિત મ્હારા જેવાને શીરે જવાબદારીનો ભાર લદાયો. આ ભાર કેટલે અંશે પાર પડી શકશે તે તો ભાવીનું કાર્ય કહેશે; છતાં શ્રદ્ધા છે કે મ્હારી સાથે તંત્રી મંડળમાં સહકાર આપવા નિયત થયેલા ચાર મિત્રો "તરૂણ જૈન"ને વિકસાવવામાં ખુબ ફાળો આપશે અને જવાબદારીનું આ નાવ કીનારે જરૂર પહોંચાડશે. જૈન સમાજમાં અનેક સામાજીક દર્દોના નિષ્ણાતો છે તે સૌ ધારે તો હૃદયપૂર્વક સાથ આપી શકે. તરૂણોનું આ "તરૂણ" જેથી વિકાસ કરી પ્રગતિ અને પ્રેરણાને માર્ગે જૈન જુવાનોના 'પાયલેટ'ની ફરજ બજાવે એટલુંજ નહિ પણ તરૂણ જૈન સમિતિને એક વર્ષનો અખતરો પૂર્ણ થતાં બીજા વર્ષમાં ચાલુ રાખવાની ફરજ પડે.

## એ વહીવટી તંત્ર સુધરશે?

મુંબાઇમાં ચાલતી જૈન ભોજનશાળાની કાર્યવાહી સામે પ્રજાનો ખુબ રોષ છે. આ અંગે વર્તમાનપત્રોમાં આવતા લેખોએ સમાજમાં ખુબ ચકચાર જગાડી છે. સોળ સોળ મહીના થયા છતાં સંસ્થાનું નથી બંધારણ ઘડવામાં આવતું કે નથી તેની કાર્યવાહી સમીતી પાસે હિસાબ મુકવામાં આવતો. એટલુંજ નહી પણ ચાલુ જમનારાઓ પાસેથી જે દસ રૂપીયા લેવામાં આવતા હતા તેના બદલ એક રૂપીયો વધારવાનું તેના મંત્રી વીરચંદભાઇ જાણે માલીકી હક્ક (!) હોય તેમ કાર્યવાહક સમિતિને અજાણ રાખી ફરમાન બહાર પાડે છે. આ સંસ્થામાં હજારોનો વહીવટ ચાલે છે, છતાં તેના મંત્રી કશી પણ મંજુરી કે જાણમાં કમિટીને રાખ્યા વગર હંકેજ રાખે છે. આમાં શું સમજવું! અમને થોડાક પ્રશ્નો ઉદ્‌ભવે છે કે વીરચંદભાઇ સેવાભાવે, વિશુદ્ધ હૃદયે કામ કરે છતાં બેહદી રમતો કેમ રમતા હશે?

ભોજનશાળાના તંત્રથી જાણુ થવા ઇચ્છનારાઓને સંતોષજનક ખુલાસા આપવાને બદલે, શા માટે મનભાવતા ગોળા ચલાવતા હશે? જનતાને અંધારામાં રાખી છેતરપીંડી તો કંઇ નથી કરવા માંગતાને? સેવાભાવ ત્યાં આપખુદી કેમ હોઇ શકે? જાહેર સંસ્થા માટે ગમે તે જૈન પુછી શકે તે સામાન્ય સમજનો કાનુન શું તેઓ નહિ જાણતા હોય? અમને ખબર છે ત્યાં સુધી શ્રી મુંબઇ જૈન યુવક સંઘે આ સંસ્થાનો વહીવટ, કાર્યપધ્ધતિ, તેમજ હિસાબ બરાબર કરવા અને બતલાવવા વીરચંદભાઇને પત્રો લખ્યા હતા, છતાં એક ફુટેલબાજની જેમ કેવળ ઉડાવનારા અને અસંતોષકારક જવાબો આપી દીવસો લંબાવ્યે જાય છે. એટલુંજ નહીં પણ સાંભળવા પ્રમાણે 'યુવક સંઘ ભોજનશાળાનું તંત્ર હાથમાં લઇ લેવા માગે છે'નો ગોળો એમણે ગબડાવ્યો. તેમજ સમાજમાં ચાલતા મતભેદનો લાભ લેવાના ઇરાદે ઉભય પક્ષ પાસે પણ ગયા, આમ ષડયંત્રો ઉભા કરવાના બદલે હજુ પણ તેઓ સમજે, અને જનતામાં જે શંકાશીલ વાતાવરણ ઉત્પન્ન થયું છે તેનો સંતોષજનક ખુલાસો કરે, નવું બંધારણ જલદી તૈયાર કરી કાર્યવાહક સમિતિની સત્તા તળે જાહેર સંસ્થાઓનાં નિયમન પ્રમાણે કાર્ય કરવાનું ચાલુ રાખે તો! સામાન્ય જનતાના હીત માટે ચાલતી ભોજનશાળાના વહીવટ માટે કોઇ જુમ નહિ માટે એટલું નગદ સત્ય ધ્યાનમાં લેશે?

## શરૂઆત થઇ...!

મુનીસંમેલનના ઠરાવોને ઠોકરે મારવાની શરૂઆત આપણા શ્રીમાન સાગરાનંદજીએ કરી દીધાના સમાચાર પેપરો અને કાગળો પુરા પાડે છે.

કડીના રહીશ છગનલાલ ભોગીલાલ જેઓ ધર્મે વનિયા છે અને જૈન ધર્મનું જ્ઞાન કે જૈન સંસ્કારની અસર જેમનામાં નથી, જેઓને લગ્ન કરે ફક્ત બાર માસ થયા છે, તે ભાઇને દીક્ષા ફેકટરીના અઙ્ગ ઉઠાઉગીરે જેઠ વદ ૫ ના રોજ જૈન ઉપાશ્રયના બીજે માળે ગુપચુપ એટલે કોઇને જાણ કર્યા સિવાય પત્નિના ખર્ચનો બંદોબસ્ત કર્યા વગર, સ્થાનિક સંઘને પુરેપુરો અંધારામાં રાખીને ઓઘો, મુહપત્તી, પકડાવી દઇ ચેલામાં વધારો કર્યો.

વાત વાયરો લઇ ગયો અને ગામે જાણ્યું કે સાધુ સંમેલનના ઠરાવને ઉંચા મુકી સાગરજીએ એક જણને મુંડી નાખ્યો પરંતુ જ્યાં "અમારે શું" અમારા ગામમાં કલેશ ચાલવાથી કુસંપના બી રોપાય એથી યુવાનોએ ચુપકીદી પકડી. અને તેવા કહેવાતા યુવાનોની ચુપકીદીથીજ આચાર્યો સાધુ સંમેલનના ઠરાવોને ઘોળીને પી જાય છે છતાં તેને કોઇ પુછનાર નથી. હજુ તો સંમેલનના ઠરાવોની શાહી પણ લીલી છે. ત્યાં આ પ્રમાણે ઠરાવો તોડવામાં આવે અને સ્થાનીક સંઘ કે તેના યુવાનો કલેશના બાના નીચે આવા બનાવો તેમના ગામમાં બનવા દે એ શરમાવનારૂ છે.

સાગરજીને નવો ચેલો પચવો મુશ્કેલ હતો કારણ કે તે ભાઇ કડીના અને તેમના સગા વડોદરા રાજ્યના અગ્રગણ્ય અમલદાર હોવાથી મામલો વીફરે તેવી વસ્તુસ્થિતિ ઉભી થઇ. મુંબઇ અને મહેસાણા વચ્ચે દોડાદોડી પણ થયેલી અને આખરે જેવી ચુપકીદીથી વેશ પહેરાવેલો તેવીજ ચુપકીદીથી સંસારી વેશ પહેરાવી અષાડ સુદ ૯ નવા ચેલાને વિદાય કરી નૂડી પડનાર આફતથી બચ્યા.

# અધોગતિ કોને આભારી....?

આપણા સમાજનો ભૂતકાલીન ઇતિહાસ ગૌરવ અને જાહોજલાલી ભરેલો હોવાનું માન જેવી રીતે સાધુઓને ઘટે છે તેવીજ રીતે વર્તમાન સમાજની અધોગતિનું માન (?) પણ તેઓને ઘટે છે, ભૂતકાળનાં પડ ઉકેલી રોદણાં રોવાથી કે છાતી કુટાવવાથી હાલની સ્થિતિ નહિં સુધરે, પણ અધોગતિનું મૂળ તપાસી સુધારો કરવામાં આવે, કે તે મૂળને નાબુદ કરવામાં આવે તોજ સમાજ આગળ વધી પ્રગતિ કરી શકે.

જગતના પ્રજાજનો ઉપર ધર્મના નામે એ ધર્મના ઠેકેદારોએ-રખેવાળોએ-ધર્મગુરૂઓએ વ્હેમ, લાલચ, રૂઢી-બંધન, ભેદભાવ ઇત્યાદિ સમાજના અંગને પીસી નાંખનાર અનેક ભૂતો ઉભાં કરીને, અથવા પોષીને. પ્રજાજનો ઉપર દોર જમાવી સત્તાનો કોરડો વીંઝેજ રાખતા, અને પ્રજા અંધશ્રધ્ધાથી સહી લેતી.

આખરે એ યુગ આવી પહોંચ્યો, ધર્મગુરૂઓની લીલાના પડદા ઉંચકાયા! રશિયા, તુર્કી અને સ્પેને એ સત્તાઓને ફગાવી દઇ પ્રજાની ભારે સેવા બજાવી. ત્યારથી પ્રજાજનોમાં એ મોજાં ફરી વળ્યાં, ધર્મના ઠેકેદારો પ્રજાપ્રગતિને રૂંધનારા છે એટલુંજ નહિ પણ સ્વાર્થી સાધુઓ છે.

આપણી સમાજની અધોગતિના મૂળ તપાસતાં એ તપાસવું ઘટે કે જૈન સમાજનો સાધુ વર્ગ એની સમાજને ઉપયોગી છે? આજના જૈન સમાજની માનસિક, ને શારિરિક સ્થિતિનો વિચાર કરશું તો તે ભારતના એકે એક સમાજની પાછળ છે! એના આગેવાનોને સમાજની કશીયે પડી નથી. આપણે ત્યાં ઇતર સમાજોના હીસાબે પ્રગતિને લગતાં સાધનો નથી એમ કહીયે તો ચાલે. જૈન સમાજ, ગરિબ કે કંજુસ છે તેવું નથી પણ સખાવતે સૌથી આગળ છે. પરંતુ એની સખાવતનું વ્હેણ નિરૂપયોગી રીતે ઉલટી દીશાએ વહી રહ્યું છે અને એનું મુખ્ય કારણ સાધુઓ છે. વર્તમાન સાધુઓ માનીને બેઠા છે કે "અમે સમાજનું ભલુ ઇચ્છી શકીએ નહિ, સમાજનું હિત થાય તેવો ઉપદેશ આપી શકીયે નહિં" એટલેજ ક્રિયા કાન્ડો, ઉજમણાં, વરઘોડા, ગુરૂમંદિરો, નવા જૈન મંદિરો, ઉપધાનો, સાધુ સાધ્વિની સેવા ચાકરી, સંઘ કઢાવવા, મહોચ્છવો, શાન્તિ સ્નાત્રો, સ્વામી વાત્સલ્યો (નોકારશીજમણ) ઇત્યાદિ બીન જરૂરી ચીજોને પોષનારા અને સેવા, સહનશીલતા, દેશ ભક્તિ, કેળવણી, મરદાનગી, શારીરિક અને આર્થિક સ્થિતિ વિગેરે સમાજ ઉપયોગી મહત્વના વિષયોનો વિરોધ કરનારાજ ઉપદેશો આપે છે. અને તેમની પાછળ પગલાં માંડનાર મૂડીદાર વર્ગ મોટાઇ ખાતર, અગર ભમે તે લાલચ ખાતર તેના હુકમને અનુસરીને નાણું ખરચે છે તેમજ આમ રંગ્યુ વર્ગને તેમની પાછળ ઘસડે છે. પરિણામ એટલી હદ સુધી પહોંચ્યું કે એક માનવી મરતી વખતે એની મુડી દહેરાસરો, ઉપાશ્રયો, તીર્થંકરની વર્ષગાંઠનાં જમણોમાં, પોસાતી પડકગી-વાતના જમણોમાં, તીર્થોમાં, (જ્યાં લાખ્ખો પડ્યા છે) આયંબીલની ઓળીયોમાં, ઉજમણા અને સંઘ કઢાવવામાં પૈસો આપતો જશે પણ એનાજ પડોશમાં ખદબદ થઇ રહેલ જ્ઞાતીબંધને, રોટી માટે ટળવળતાં પોતાનાં ભાઇભાંડુઓને કે વ્યાયામ મંદિરો વા કન્યાશાળાઓ ઉભી કરવામાં તેની ઇચ્છાજ નહિ થાય. આ વિષમ સ્થિતિ એથીજ ઉત્પન્ન થઇ છે કે ધર્મના નામે ત્યાગ વૈરાગના બ્હાના નીચે ચાર દિવાલની વચમાં ઉપદેશ દેનાર ઠેકેદારો સમાજના માનસને જુદી દીશા તરફ વાળી સમાજને બીજે રાહે ઘસડી રહ્યા છે, ભોળો મનુષ્ય ભેખ જોઇને લટ્ટુ બની જાય છે, વ્હેમી માણસો લાલચમાં પાછળ ભટકે છે, મૂડીદારો ગુરૂનો શબ્દ ઝીલવામાં લાભ જુએ છે. એટલે એ વર્ગ પૂજાય છે. એથીજ યુવાનો તેવઓની સામે પડકાર કરી રહ્યા છે. આથી તેઓ અધર્મી, નાસ્તિક, વિગેરે વિશેષણોથી ઝૂંપીલા ઉપદેશ દ્વારા ભક્તોના ટોળાં જમાવી એમની તુટતી મહેલાત ટકાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. પણ ભલે! એ પ્રયત્નોથી સમાજ છીન્નભીન્ન થઇ જાય.

આજના સાધુઓના નામ પાછળ લટ્ટુ બનવા પહેલાં તેઓએ લીધેલ પ્રતિજ્ઞાઓ તરફ નજર માંડશો તો સમજાશે કે આંગળીના ટેરવે ગણી શકાય તેટલાજ દેશકાળને ઓળખી ચારિત્ર પાળે છે, તેમ સમાજનું હિત ઇચ્છે છે. બાકીનો વર્ગ દંભી, સ્વાર્થી, મોહાન્ધ, કાવાદાવાનો ભરેલો, લીધેલ પ્રતિજ્ઞાઓને તોડનારો વર્ગ છે.

આવી વસ્તુસ્થિતિ એમ કહે છે કે આપણો સાધુ સમાજ જગતથી નોખો નથી. એથી સમાજની પીછેહઠ થવામાં એમની ઉપદેશ શૈલી મૂળ કારણ છે. આથી સમાજપ્રગતિનો એમને વિચાર કરવોજ જોઇએ; અને નજ કરે તો તેમને સાફ સાફ સુણાવી દેવું જોઇએ કે "તમને સમાજની જરૂર નથી તો સમાજને તમારી જરૂર નથી" તમારી વાણી અને વર્તણુક સુધારો, નહિં તો તમારા લબાચા બાંધી ચાલતી પકડો!

જ્યાં સુધી આવાઓને સમાજ દુર નહિં કરે ત્યાં સુધી અધોગતિનાં મૂળ નથી ઉખડવાનાં.

---

(આખરી રાહ.... ૧૪૮ થી)

નિર્માલ્ય જીંદગી સાથે? પિતા! કોને પરણાવશો? અરવિન્દાને?" એણે રણચંડીનું સ્વરૂપ ધારણ કર્યું હતું. એની આંખમાંથી અંગારા ઝરતા હતા, સર્વે એણે એના દેહ સામે લાંબી દ્રષ્ટિ ફેંકી," આહહા, આ કાયાનો માલીક? અરવિન્દાના હાથનો સોદો? પિતા! બુધ્ધિનાં દ્વાર બંધ થયાં હતાં કે માદક પિણાનો નશો ચડ્યો હતો?"

"બ્હેન, ભલ...મારી આબ...રૂ, કીર્તિ...?"

"આબરૂ અને કીર્તિ તો ગુમાવી ક્યારની એ. આજે

(અનુ... પા. ૧૫૧)

# નારી જીવનનાં જીવતાં દોઝખ.

ડાહ્યાલાલ વી. મહેતા.

(૩)

મહિલા મિત્રિકા ને સુંદરી આરોગ્ય ગોળીઓ, વનિતા સંજીવની ને નારી સાથી, સ્ત્રી દર્દનાશક, ને અજબ શક્તિવર્ધકની રોજને રોજ દવાઓ (!) ઉથલી પડતી પાને પાનાં ભરપુર જાહેર ખબરો સ્ત્રીજીવનનાં દેહમાં છુપાં ઘર કરી બેઠેલાં દર્દોનો થોડોક ખ્યાલ પણ નથી આપતા ?

દર્દ સામાન્ય વસ્તુ છે. કુદરતના નિયમનો ભંગ કરો એટલે દર્દના ભોગ બનોજ—સ્ત્રી અને પુરૂષ બન્ને માટે એ નિયમ તો સરખોજ, પણ પુરૂષ જાતની બેદરકારીથી કે અત્યાચારથી જાણ્યે કે અજાણ્યે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે દર્દો નારીજીવનમાં ઘુસાડવામાં આવ્યાં છે, તેના માટે હરઘડિ સ્ત્રી જાતિને દોષ દેતી, પુરૂષ જાતજ જવાબદાર છે.

એક અનુભવીનું વાક્ય, "ગુજરાત લડકા લડકીકી પ્રજા હૈ." જૈન સમાજને એ સૂત્ર તો અક્ષરશ: લાગુ પડે છે, એ ઉપરાંત ખુબ વધારે પણ કહી શકાય. એક બાજુ તેર ચૌદ વર્ષનાં યુગલ માયકાંગલાં બાળકોને પેદા કરે અને બીજી બાજુ વૃદ્ધ લગ્ન ચાલુ હોઈ તેથી પેદા થતી પ્રજા કૌવતવિહોણી બને, અને યુવાની આવતાંજ શક્તિઓ ચાલી ગઇ હોય તેવાં જોડાંઓ પણ વધુ શક્તિશાળી બાળકોને ઉત્પન્ન નજ કરી શકે, ત્યારે ચારે બાજુથી ઘસાયેલાં શરીરોથી પૂર ઝડપે આવતાં દર્દોની સામે ટક્કર પણ ઝીલી નજ શકાય. છતાં આપણા સમાજને કેમ નથી સમજાતું કે તેર ચૌદ વર્ષની બાલિકા, ભલે હિંદની આબોહવાના પરીણામે કદાચ તેની ઉમર વધુ લાગે, છતાં પરણવાના લાયક નથીજ બનતી ? શરીરનો પૂર્ણ વિકાસ એટલા ટુંક ગાળામાં નજ સંભવી શકે. જો એ જુની નજરેજ જોનારાઓ વિચારે તો એમનુંજ ઘડી કાઢેલું વાક્ય ટાંકું "વીસે વાન," એટલે વીસ વર્ષેજ શરીરનો પૂર્ણ વિકાસ થાય, પહેલાં નહી. એ અમલમાં કેમ મુકતા નહી હોય ?

યુવાનીમાં પગરણ માંડતી, દેહમાં ઝડપી ફેરફાર બતાવતી, અંગે અંગે લાવણ્યમય બને જતી અને ખુબ શક્તિશાળી દેખાતી, એકાદ બાળાને નાની ઉંમરે લગ્નગ્રંથીથી જોડી દીધા પછી, થોડાજ દિવસમાં એનું કૌવત અને બળ બધુંએ ચાલ્યું જાય છે. એનો વિકાસ અટકી પડે છે, અને અનેક દર્દોના ભોગ થયા પછી એ એકાદ નિઃસત્વ પ્રાણીને જન્મ આપી ન આપી પરલોક પહોંચી જાય છે. Child motherhood બાલ માતૃત્વ જ્યારે નાનકડી ઉંમરે માબાપ પરણાવી દે ત્યારેજ આવેને ? અને વહેલું પરણવું તે વહેલું મરવાના માટેજ, Early to marry means early to die. કારણ ? જે શરીર વિકાસ નાની ઉંમરે બાલીકાઓનાં દેહમાં દેખાય છે, એ નક્કર નથી, પણ દુધના ઉભરા જેવો ખાલી ઉછાળો છે. જીવદયા પ્રતિપાલ મનાતો જૈન સમાજ બાલિકાઓના વહેલા નહી પરણાવી દેવાના પ્રશ્ન ઉપર બેદરકાર રહી નારી જાતીનો ખુનીજ બની રહ્યો છે. આપણી સરેરાશ વીસ વર્ષની જૈન બહેનોનું ભયંકર મરણ-પ્રમાણ તેની સાક્ષી પૂરે છે.

કુદરત અને કર્મસત્તાને ઘડીઘડી આડે લાવનાર જૈન સમાજ નાની બાલિકાઓના મૃત્યુ માટે એમનાં કર્મનો દોષ કહાડે છે, એ કેટલું હાસ્યજનક છે ? દેહનો વિકાસ કરતી તમામ વસ્તુઓ લુંટી લે, અને પછી દેહનો વિલય થાય તો વાંક દેહ ધરનારના કર્મનો કેમ કાઢી શકાય ?

'બહેનોએ ગૃહકાર્ય છોડી દીધું અને દર્દો પેઠાં,' એમ કહી પુરૂષ જાત છટકી જવા પ્રયત્ન કરે છે, પણ એ બહેનોની ગૃહકાર્ય ઉપાડી લેવાની શક્તિ હરી લેનાર તો નફ્ફટ પુરૂષ જાતજ છે ને ? નારી જીવન તરફ પુરૂષજાતના અત્યાચારોએ સ્ત્રીઓનાં દર્દોમાં વધારો કર્યો છે. જો લગ્ન પછી બાલકો મંદવાડિયાં જન્મે કે નજ જન્મે તો પુરૂષ જાત એવા કોઇ બહાના નીચે એકાદ સ્ત્રીનો ભોગ લેવા તત્પર બને, અને બન્ને સ્ત્રીઓમાં અસંતોષની જ્વાળાઓ ભડકાવે. અસંતોષ એ સૌ દર્દો કરતાં વિકટ દર્દ છે, અને બીજા દર્દોની માતા છે.

આપણી જૈન બહેનોની પ્રજાજન શક્તિ કેટલી ઘટી ગઇ છે ? એકાદ ખેડુત બાળા જ્યારે ખેતરમાં કે જંગલમાં બાળકને જન્મ આપી અડધા કલાકમાં સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી લે, ત્યારે જૈન બહેનો જીવનદાત્રી બની રહેતી નર્સો અને દાઇઓની હુંફભરી સારવારમાંએ કેટલું કષ્ટ ભોગવે છે ? અને કેટલીક વખતતો અશક્તિથી અણઘડ દાઇઓના હાથે થતી સુવાવડ તેમના શરીરમાં ચાંદુ, લાંબા, ચેપી રોગોજ ઘર કરાવી દે છે. પ્રદર (Leucorhoea) હીસ્ટીરીયા, અને ક્ષય એવાજ કોઇ કારણોમાંથી શરૂ થાય છે. એક બાજુ નારીજીવન દર્દોથી ઘેરાતું જાય છે, અને બીજી બાજુ અશક્તિ, અસંતોષ, અને વહેમ દર્દની સામે ઝુઝવાની શક્તિ હરી લેતાં સ્ત્રીઓનો નાશ થઇ રહ્યો છે.

પુરૂષ તો "**નરભમર,**" ગણાય. એને લગ્ન વખતે વફાદારીના સોગંદ લેવાના ન હોય ! પુરૂષ જાતના કલંક સમી વેશ્યા જાતીના સહવાસે એ નરભમરોએ અનેક સુશીલ, સુકુમાર, નીરોગી પત્નીઓને અનેક ચેપી દર્દોનો ભોગ બનાવી છે. ગરમી, પરની ગાંઠ, વિશફોટક—ઉપદંશ, કે ચાંદી (Syphilis), પ્રમેહ (Gonorrhoea)ના દર્દો એ પતિરાજના પુરૂષજાતના પાપોમાંથી પત્નીઓને મળેલા લગ્નમૈત્રીના સ્મરણ ચિન્હો. વિશ્વ ઉપર સ્ત્રીઓના બની બેઠેલાઓ દેવોના પાપ કઈ પત્ની પોકારે ? સામનો ન કરી શકે તેને સહન કરવાનું રહ્યું.

પુરૂષ જાતના એ પાપને સંતાડવામાં નારી જાતીનેજ ખમવું પડે છે. બહારથી પતિદેવોના મોજશોખથી આણી લાવેલા એ રોગો એકલીજ પત્નીઓને અર્પવામાં આવતા હોત તો એક પત્નીનેજ સહન કરવું પડત, પણ એ દર્દના વારસાઓ સારી પ્રજાને-બાળકોને પણ અસર કરે છે. એ પાપે પુરૂષ પત્નીને અંધ, કોઢ,ગરમીથી કે બીજા દર્દથી પીડાતા બાળકોની ભેટ આપી આખી જીંદગી સુધી સ્ત્રીને ઝુરતી કરી મૂકે છે કારણ ચાંદીના દર્દને બાળકોના ખુની તરીકેજ

# વિચારનાં વ્હેણુ.

## ખોટો રાહ છોડી દઈએ!

'સત્યની શોધ'માં વેદનો વારાથી લોક ભટકે છે. કેટકેટલા ઋષી મુનિઓ દેહ ગાળીગાળીને કુતરાને મોતે મુઆ? તપીતપીને ઘણુંયે રક્ત શોષાવી દીધું. પણ હજુ સત્ય એ શી વસ્તુ છે એ નક્કર સ્વરૂપમાં ને નક્કર વાણીમાં કોઈ કહી શકતું નથી. ઢાલને બે બાજુ હોય છે. તમામ વસ્તુને બે બાજુ હોય છે. જોનાર એના દ્રષ્ટિ કોણથી જુએ છે. એકજ ચીજને એક સાચી ને બીજો જુઠી કહે છે. બન્ને ઝઘડી મરે છે. ત્રીજો વચમાં પડે છે, ચોથો વચમાં પડે છે અને ન્યાય આપવાને બદલે દરેક પક્ષકાર બની જાય છે. આમ સત્ય અણુશોધ્યું રહી જાય છે.

જગત જન્મ્યું હશે એ પ્રભાતથી આજ સુધી સત્યના અન્વેશકોની આજ દશા થઈ છે. આપણે એમનામાંથી અનુભવ મેળવીએ, સત્ય અસત્યના ઝઘડામાં પડવા જેહેવી એમની મુર્ખાઈનું અનુકરણ ન કરીએ અને જીવન આવતું જાય તેમ જીવ્યે જઈએ—પળે પળમાંથી રસાનંદ લુટયાજ કરીએ તો કેટલું સરસ!

## સમાજ સુધારકો શા માટે?

આજકાલ સમાજ સુધારકો વધતા જાય છે. મ્હને લાગે છે કે એના પર પ્રતિબંધ મુકાવો જોઈએ. સમાજ રચના હવે જરૂરી નથી, તો પછી એના સુધારકોની તો જરૂરજ ક્યાં છે?

સમાજ રચાયો હશે ત્યારે ગામેગામનાં માનવો આટલી ઝડપે મુસાફરી કરતાં નહિ હોય. સ્થિર જગ્યાએ, સ્થિર થઈ રહેતા માનવોએ પરસ્પર ઓળખાતા એકજ ગામના, એકજ સંસ્કારના, એકજ ધંધાના માનવીઓના વર્તુળો રચ્યા હશે. એ યુગને એ બરાબર હતું. આજે ક્ષેત્ર વણુસી ગયું છે, વાતાવરણ વણુસી ગયું છે અને માત્ર પરણવા પુરતીજ સમાજને યાદ કરવાની રહે છે. આ યાદ પણ હવે ઝાંખી થતી જાય છે. ધીરે ધીરે એ ભુંસાઈ જશે—એટલે સમાજજ ભુંસાઈ જવાની છે ત્યારે એના સુધારકોની ઉત્પત્તિને અવકાશ ક્યાં છે?

## ભ્રમજાળ.

આજસુધી ધર્મઢોંગીઓએ સ્વર્ગની અમિત ભુમિપર ભલા આદમીઓને ભટકાવી માર્યા છે. આજ કરતાં કાલ સારી આવશે, આપણાં કરતાં બીજો મઝાથી પૈદા કરે છે, હું ખાઉં છું તેથી પેલો મઝાનું ખાય છે એ પામર મનોદશામાંથીજ 'અહીં કરતાં સ્વર્ગમાં વધારે મઝા પડશે' એ વસ્તુ પૈદા થઈ છે. પોતાના સ્વાર્થ ખાતર એ વસ્તુ પૈદા કરવામાં આવી છે.

પણ આ ભ્રમજાળ હવે ભેદી નાખવી જોઈએ. અહીં છે તેથી વધુ સુખ સ્વર્ગે મળવાનું નથી. અહીં છે તેથી વધારે દુઃખ નર્કાગારે પણ નથી. જે છે તે અહીંજ છે, સુખને દુઃખ, ઉત્સાહ અને નિરાશા, કર્મ અને ફળ, એ બધુંજ અહીં આવું છે. 'કર ને જો' 'જીવ અને જીવવા દે' 'ભોગવ અને ભોગવવા દે.' સ્વર્ગમાં સુખ મેળવવાની આશાએ કર્તવ્યહિન અને ફરજહિન બનીને જીવન વેડફીશ મા, નર્કે દુઃખ મળવાનું છે એમ માનીને કમ્પીશ મા.

જીવન જીવી લે, માનવીની ફરજો બજાવતો જા. કોઈ મૃગજળ શી વાતોમાં ફસીશ મા.

x x x

## બ્રહ્મચર્ય—એ બીરૂદ નથી.

'ચોથા વ્રતધારી,' 'બ્રહ્મચારી,' 'અખંડ બ્રહ્મચારી,' 'બાળબ્રહ્મચારી' એમ બીરૂદો લટકાવીને અલ્પાત્માઓથી માંડીને મહાત્માઓને ફરતાં આપણે જોઈએ છીએ. ગામા કે રામમૂર્તિ સાથે સરખાવવાનું પાતક આપણે ન વ્હોરીએ; પુરૂષાર્થની પ્રતિમુર્તિ બનવાને બદલે હજારે નવસો નવ્વાણું તો સાવ પામર હોય છે. છતાં સામાન્ય જનો આવા બધા બ્રહ્મચારીઓને કોઈ અપૂર્વ ભાવે પુજે છે. મ્હને ઘણી વેળા પ્રશ્ન થાય છે, આમ શા માટે?

માનવી બ્રહ્મચારી હોય તો લાભ એને પોતાને છે, એના શરીરને છે. શરીર સંભાળવા માણુસ ગમે તે કરે એમાં એ મહત્તાનો અધિકાર શી રીતે થાય છે એ મ્હને સમજાતું નથી. એક માણુસ એનું શરીર સંભાળે એમાં સામાન્ય માનવો એને માન આપવા દોડે એ 'ઘેવલા'પણું હવે દૂર કરવું જોઈએ. એ બીરૂદો સાવ અર્થ વિનાનાં છે. બ્રહ્મચર્ય એ માનવીની એકે વધતે અંશે શરીર અંગેની સામાન્ય ફરજ છે. એ માન લેવાનાં કે આપવાનાં બીરૂદો નથી.

## સૌથી ભયંકર

માનવ જીવનને વિનાશની વસ્તુઓમાં **ભયને** હું અગ્રસ્થાને મુકું છું. ફિકર, ચિંતા, ગુસ્સો, અદેખાઈ, અને ડરપોકતા એ તમામ ભયના પ્રકાર છે. ચોગમ જણાતાં આ કલહકંકાસ, આ નિરાશા ને આ નસીબાધાર એ તમામનું મૂળ ભય છે

માનવીનાં સુખ, સ્વાસ્થ્યને શક્તિ એણે હરી લીધાં છે, ભયથી માનવી નિરાશ, અનિશ્ચીત અને ડરપોક થઈ, સાહસહિન બની ગયો છે. અને એથીજ માનવી ચેતનહિન થઈ મરવાની આશાએ જીવતો જણાય છે,

ભય જેણે જાણ્યો નથી એ સંસારમાંજ સ્વર્ગ મ્હાણે છે.

**તારાચંદ.**

**દેવદ્રવ્ય જુવાનો ખાઈ જવા માગતા નથી એનો પ્રવાહ યોગ્ય અને ઉત્તમ દીશામાં વહેવડાવવા માગે છે.**

**નવો ફાલ**—કાંગડા પ્રજાપરિષદનો રિપોર્ટ તથા હિસાબ પરિષદના મંત્રીઓ તરફથી બહાર પાડવામાં આવ્યો છે. જેમાં પ્રજા પરિષદને લગતો હેવાલ તેમજ કાંગડાના રાજ્ય વહિવટ સામેનો પ્રજાનો રોષ એના પાને પાને જણાઈ આવે છે, દેશી રાજ્યોમાં કેવી અંધાધુંધી હોય છે તેનો ચિતાર, આ અહેવાલ વાંચવાથી સ્હેજે સમજી શકાય તેવો છે. મળવાનું ઠેકાણું અમદાવાદ સાંકડી શેરીમાં આવેલી પરિષદ ઓફીસ.

# .·. આખરી રાહ .·.

"અમે તો ધારીજ મુકયું'તું બહેન !"

"હું તો પહેલેથીજ કહેતી'તી, બા!, કે એ આમજ કયાંક પટકાશે."

"તે બહેન, તમને પહેલી ખબર કેમ પડી ?"

"કેમ બહેન, પડોશમાં રહીએ છીએ કે ગોંદરે ? અમે તો સમજતાં'તાં કે આ બધા સુધારાવાળા પારકા ઘેરજ સુધારા કરવા નીકળી પડયા છે; બાપ અને દિકરી બધાંએ ઠીક. ધનની ગઠડી જોઇને બધાંએ આંધળા બની જાય બહેન."

ના, ના, બહેન અરવિન્દાને પુછયા વિનાજ આ થયું હશે. અરવિન્દા આવું કરેજ નહિ. એતો કુમારિકાજ રહેવાની પ્રતિજ્ઞાવાળી છે. આમાં એની સંમતિ હોયજ નહિ."

"ઠીક છે બહેન, જોઇએ. આપણે જ્યાં બેઠાજ છીએ ને ? અને હવે કેટલી વાર પણ છે ?"

આખુંએ નગર ખુબ હીલોળે ચડયું હતું. નરનારીઓનાં ટોળાં અરવિન્દાના મકાન પાસે ચોકબંધ ઉતરી પડતાં હતાં. જીજ્ઞાસા સમાવી નહી શકતાં હોઇ, લોકો અનેક પ્રકારના પ્રશ્નોત્તરો કરતાં, અને સત્ય હકીકત ન જાણવા છતાં સૌ કોઈ પુરેપુરા જાણકાર હોવાનો દંભ સેવીને પણ જુઠે ચડેલી વાતને રસમય બનાવવાનું ચુકતા નહી. સુધારક અરવિન્દાના પિતાએ એક વૃધ્ધ વિધુર સાથે એકાએક સાંજેજ લીધેલાં ઘડિયાં લગ્ને સારાયે શહેરને ઉશ્કેરી મુકયું હતું કાંઇક જોવાનું, કાંઇ કરવાનું, અને કાંઇક બનવાનું છે, એમ સૌ કોઇને લાગ્યા કર્યું હતું x x x x......

અરવિન્દા સુધારક પિતાની એકની એક પુત્રી હતી. પિતા સુધારક ઓછો હતો, અને વહેમી વિશેષ હતો. બી જાતિ ઉપર એ ખુબ અવિશ્વાસ ધરાવતો હતો. શહેરમાં સુધારાનાં બી વાવનાર તરીકે એ પ્રથમ હતો. પણ એ અન્ય તૈયાર થતા સુધારકોનું તેજ સહન કરી શકતો ન હતો. એનો અભ્યાસ એક પક્ષિય ધાર્મિક પુસ્તકોનો હોઇએ ધર્માંધ બન્યો હતો. એની ટુંકી દ્રષ્ટિએ, શહેરના જાહેર જીવનને કલુષીત બનાવી મુકયું હતું અને પક્ષાપક્ષી એટલી વધારી મુકી હતી; કે એના પાછળના નવા સુધારકોને એ સ્થિતિ દુર કરી વિશ્વાસનું વાતાવરણ સર્જવા અનહદ ભોગ આપવો પડયો હતો. એક એક છેલ્લી એની બોલાવેલી જાહેર સભામાં જ્યારે એને એની જાતને સુધારક મટી-જઇ ધર્મી બનવાની જાહેરાત કરી, ત્યાર પહેલાં તો સૌ કોઇ માનવીએ એને સુધારક પદેથી બરતરફજ મુકયો હતો.

અરવિન્દા આ 'સ્થાનભ્રષ્ટ' સુધારક પિતાની પુત્રી હતી, છતાં એ યુવાન અને વિચારક હોઇ, ધર્માંધતાથી રંગાઇ ન હતી. એને ધાર્મિક પુસ્તકોએ વાંચ્યા હતાં અને દુનિયામાં રેલાતું બીજું કેટલુંયે જ્ઞાન લીધું હતું. સત્ય જાણવાની એની ધગશ હતી, અને સત્ય માટે એ મરી ફીટતી હતી. અભ્યાસે, એને સારૂં લખતી, અને સ્ત્રી સમાજમાં સુંદર બોલતી–વિચાર દર્શાવતી કરી મુકી હતી. ઉમદા વિચારોએ એની રહેણી કરણી ઉત્તમ બનાવી હતી. એનું ચારિત્ર ફોરમ ફેલાવતું હતું.

એ હંમેશાં પ્રફુલ્લ રહેતી, અને યોગ્ય વ્યાયામ લેતી. એનો દેહ જેટલો લાવણ્યમય હતો, તેટલોજ ઘાટીલો હતો. સમાન સ્નાયુબદ્ધ શરીરે એનામાં ઓજસ્વની ખુમારી આણી હતી અને એણે એને ટકાવી રાખી હતી. એની પડછંદ કાયા, શરીરના વિકાસ પાછળ મરી મથતા ભલા ભલા અખાડાબાજ યુવકોના અભિમાન ઉતારવા પુરતી પહાડી હતી. જો એ ધારે તો હાથની એક સામાન્ય ભીડમાં એ કાયાપોચા પુરૂષના તો હાડકાંજ ખોખરાં કરીદે. અઢાર વર્ષની એ ચપળ યુવતી સ્ત્રીઓનાં જો સૈન્ય હોય તો કેપ્ટન થવાને લાયક હતી.

એનો પિતા જ્યારે સુધારક હતો ત્યારે, "પુત્રીઓ મોટી ઉમરની થાય ત્યારે એમની સમંતિ લઇનેજ લગ્ન કરવાં જોઇએ, એમ વારંવાર ગાજતો હતો. જ્યારે એને સુધારાના વિકટ સ્થાન પરથી ખસી જઇ ધર્માંધતાના સરળ રસ્તે જવાનું યોગ્ય લાગ્યું, ત્યારે પિતાની કીર્તિ ફેલાય માટે પુત્રીએ, 'દિક્ષાજ લેવી જોઇએ' એમ એનો આગ્રહ થતો હતો. એના તરફથી હરહંમેશ ગવાતાં 'મોક્ષનાં અદ્‌ભુત શાશ્વતાં સુખ" અરવિન્દા ને એ ખેંચવા લાગ્યાં, પણ ત્યાં તો દિક્ષા ફેકટરી ખુલવાના અને નસાડી, ભગાડી, સંતાડી, મોક્ષનો પરવાનો આપવાના બનાવોએ એની કાલ્પનિક સુખોની વિચારમાળા તોડી નાંખી એમાં વધારવાની યોજનાએ માબાપોને રોતાં કકળતાં મુકી, પારકાં છોકરાંને યતિ બનાવવા નિકળેલા અંધ ભક્તોના કારસ્તાનોની હકીકત સાંભળી એનું નિશ્ચયી હૃદય પણ કંપી ઉઠયું. 'પોતે દિક્ષા લેશે નહી, પણ કૌમાર્યવ્રત ધારણ કરી જનસેવા કરશે." એમ જ્યારે એને પિતાને સંભળાવ્યું, ત્યારે પિતાએ એને ગાંડી ગણી, ઠેકાણે પાડવાના પ્રયત્નો આદર્યા. ગામના એકાદ બે નિર્માલ્ય પણ કુળવાન છોકરા સાથે અરવિન્દાનો સબંધ યોજવાને એને પ્રયત્ન આદર્યા પણ એને ફાવટ મળી નહી, ત્યારે અરવિન્દાથી નાની ઉમરના બે ત્રણ તાજા વિધુરો સાથે દિકરીના ભાગ્યને અજમાવવાની હિંમત કરવાનું એ ચુકયો નહી. પુત્રીનું લીલામ બોલાવ્યા પછીજ એ વાત કરતો ત્યારે અરવિન્દા ચુપ રહી ઉંડો વિચાર કરતી. અને પિતા, Silence is half consent પુત્રીનું મૌન અર્ધું સંમતિ સુચક માની લેવામાં એનો જરાયે વિરોધ સમજતો નહી. x x x x x

એજ બુઢાના પ્રનરાવર્તને રહી એની કાર્કિર્દીનું આજે જનસમુદ્રમાં જાહેર લીલામ થતું હતું. એણે, એક ચાર લગ્નના લ્હાવા લીધા છતાં ફરી લાગ કુંવારા બનવા ઇચ્છનાર ધનિક સુકલકડી વૃધ્ધ વિધુર સાથે અરવિન્દાનો સબંધ યોજ્યો, અને કોઇપણ ઉહાપોહ ન થાય તે માટે એ સાંજેજ લગ્ન ક્રિયા ખતમ કરવાનું નક્કી કર્યું. x x x x

પિતાએ પુત્રીને સમાચાર આપ્યા, અને અરવિન્દાનું રોમેરોમ ખડું થયું. જુની ઉંચી ખેંચાઇ, અને છાતીએ શ્વાસ ઘુંટયો; "હા, હા, હા, આ શું કહો છો પિતાજી ? મારો સબંધ યોજ્યો ? અને એ તમે યોજ્યો કેમ ? અને એક

(અનુ. ........ પા. ૧૪૯)

# રાજનગરમાં મળેલી મહામંડળની જનરલ સભા.

અમદાવાદ જૈન યુવકસંઘના આમંત્રણથી યુવક મહામંડળની જનરલ સભા તા. ૨૨-૭-૩૪ ના રોજ અમદાવાદ મુકામે રામરાય મુન્શીના મેડા ઉપર સવારે નવ વાગે શ્રી મણીલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં મહામંડળમાં જોડાયેલ ત્રીસ મંડળોમાંથી સોળના પ્રતિનિધિઓ અને બીજા સંભાવીત ગૃહસ્થોએ હાજરી આપી હતી.

બ્હેનોએ મંગળાચરણ કર્યા બાદ અમદાવાદ જૈન યુવક સંઘના મંત્રીએ યોગ્ય વિવેચન કર્યું હતું. ભાઈ મનસુખલાલ હીરાલાલ લાલનની દરખાસ્તથી અને મુળચંદ આશારામ વૈરાટીના ટેકા બાદ પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન લઈ ટુંક વિવેચન કર્યું હતું. મહામંડળના મંત્રીએ ગઈ જનરલ સભાનો હેવાલ વાંચી સંભળાવ્યો હતો. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.

યુવક પરિષદે કરેલ ઠરાવો અનુસાર મહામંડળની વર્કીંગ કમિટીએ તમામ કાર્ય લેવાના કરેલ નિર્ણય ઉપરથી ચર્ચા શરૂ થઈ અને તે આખું કામ લેવા અંગે આરસપરસ ખુબ ચર્ચાના અંગે પ્રમુખશ્રીએ મત લેતાં પરિષદનું બધુંજ કામ લેવાની તરફેણમાં સાત અને વિરૂદ્ધમાં આઠ મત પડ્યા, પરિષદના એક એક ઠરાવપર પુછતાં ફરજીઆત વૈધવ્યના ઠરાવ સિવાય તમામ ઠરાવો એકમતે સ્વિકારાયા હતા અને તેપર કામ કરવા સૌએ ખાત્રી આપી હતી.

બાદ પ્રમુખશ્રીએ "વિધવા પ્રશ્ન", બાળવિવાહ, વિધવાની આર્થિક સ્થિતિ અંગે ફંડ, વિમો, વિ. વિધવાઓને ઉદ્યોગિક કેળવણી, ભિન્ન સંયમી વિધવા માટે લગ્ન, એ પ્રમાણે ચાર વિભાગમાં વહેંચી, ચર્ચા શરૂ કરી હતી, પરંતુ તેમાંએ ચોથા મુદ્દાપર મતભેદ પડવાથી તેને પડતો મુકવામાં આવ્યો હતો. બાદ બપોરની બેઠકમાં અમદાવાદની યુવક સંઘની દરખાસ્તથી ને ભાવનગર જૈન યુવક સંઘના ટેકાથી દરખાસ્ત મુકાઈ કે યુવક પરિષદે ફરજીઆત વૈધવ્યના સંબંધમાં જે ઠરાવ કર્યો છે તેનો પૂર્ણ રીતે વિચાર કર્યા પછી મહામંડળની આ સભા ઠરાવે છે કે આ મહામંડળની સાથે જોડાયેલી દરેક સંસ્થાએ આ રિવાજમાં જે ખામી હોય તે દુર કરવા યથાશક્તિ અને પોતાના સંજોગને અનુસરી યોગ્ય પ્રયત્ન કરવા.

મહામંડળની વર્કીંગ કમીટીએ આ સંબંધમાં વખતોવખત

---

ગણવામાં આવે છે, (Syphilis is called child murderer) મરદ, કે ધુપણી અને છુપા પ્રદરથી આજની લગભગ પંચાણું ટકા બ્હેનો પીડાય એ કેટલું શરમજનક છે? એ દર્દ ક્ષયના લાંબા [illegible] દર્દનું આમંત્રણ છે. અને ક્ષય થયો એટલે ડોક્ટર કહેશે કે ક્ષયની દવાજ નથી. No medicine for consumption. એટલે દર્દીએ થોડુંક જીવીને મરવુંજ જોઇએ. જ્યારે દર્દની શરૂઆત હોય ત્યારે પુરૂષ જાત કોઈ દિવસ સ્ત્રીઓના દર્દોની પરવા કરે નહી, કારણ કે સ્ત્રીઓ ગમતનું પુતળું છે! અને દર્દ વધતાં જ્યારે ખુબ આરામની જરૂર હોય ત્યારે સ્ત્રીઓને કસરતની સલાહ આપે અને મૃત્યુને વ્હેલું આમંત્રણ મોકલે.

આ ઉપરાંત આજના બીકણ જૈન પતિરાજોએ જાતજાતના વહેમો નિર્માલ્યતાને લીધે સ્ત્રીઓમાં ઘુસાડ્યા છે. જ્યાં પુરૂષ બાહોશીથી અબળાઓનાં વહેમો દૂર કરે ત્યારે આજના આપણા જૈનોએ શું ખબર ક્યાંથી લાવી સ્ત્રીઓને અનેક પ્રકારના ભાતભાતના વહેમો અને બીજા કેટલાક વહેમોથી સ્ત્રીઓને પરાવલંબી બનાવી રાંકડા, અને બીકણ સ્વભાવની બનાવી મુકી છે અને વહેમનું ઔષધ નથી એમ તો સૌ સ્વિકારે પણ છે. છતાં એ વહેમનાં દર્દમાં કેટલીએ બ્હેનો આ લોક છોડી દે છે.

પુરૂષ જાતે પોતાની નબળાઈઓ સંતાડવા, પોતાની નિર્માલ્યતાને ઢાંકવા સ્ત્રીઓને સામાન્ય શિક્ષણ આપવાનો પણ વિરોધ કર્યો, ત્યારે ગુપ્ત દર્દોને સમજવા પુરતું શારીરિક જ્ઞાન તો લેવા હેજ ક્યાંથી? શરીરના અવયવોની સમજણ તમામ સ્ત્રીઓને આપવીજ જોઇએ—જાતિય પ્રશ્નોનું જ્ઞાન તેમને મળવુંજ જોઇએ, કે જેથી પુરૂષજાતની નરપશુઓની કુટેવોથી સ્ત્રીઓ ચેતતી રહે, શરીર શાસ્ત્રનું જ્ઞાન પુરૂષ કરતાં સ્ત્રીઓને વધુ જરૂરનું છે એમ જ્યારે પુરૂષ અને સ્ત્રી સમાજ સમજશે ત્યારે આ દુઃખો આ સંસારમાં—આ એમના કારમાં દોઝખમાંથી મોક્ષ થશે. દોઝખ જેવું હવે પછી.

---


(આખરી રાહ .... પા. ૧૪૯ થી)

એનું નામ નિશાન ભુસ્યું, લો જુઓ." અરવિન્દાએ ઓરડાની બારી જોસથી ઉઘાડી, ટોળે વળેલા માનવીઓ તરફ આંગળી ચીંધી, "આ તમારી આબરૂનું છડેચોક લીલામ, માનવી માત્ર આજે તમને ભરખી જવા તૈયાર છે." અરવિન્દાએ વાતચીત બંધ કરી. પિતાને અંદર પુરી ઝડપથી બહાર નિકળી. દ્વાર બંધ કર્યાં અને પિતાને અંદર પડી રહેવા દીધો. રમે નરપિશાચ કોઈ દગો રમે. x x x x x x x x x x

"અરે, રે, મરી ગયો બાપલીયા. દગો, દગો."

"પકડો પકડો પકડો." પરણવા આવનાર યુવાના સાગરીતોએ બુમો પાડી, લોખંડી શરીરની અરવિન્દાએ આખરી રાહ અજમાવતાં એકજ લાતે યુવકને નીચે પટક્યો, અને બુમો મારનાર તરફ સિંહણની ત્રાડ પાડી," લે પકડ મને! તું માયકાંગલા વાણિયા મને પકડીશ?" બીજા એકને એક જોરથી તમાચ ખેંચી, બીજાનું બાવડું ઝાલી હચમચાવી મુક્યો. બાકીના હમણાંજ હાથ ઉતરી પડશે. "બ્હેન છોડો નહી આવું! નથી પકડવાં, મને છોડો, મારશો નહીં." બધા નાસી છુટેલા સાથીમાંના છેવટના શિકાર બનેલા યુવકે દયા યાચી. x x x x x x x x

પિતા, વૃદ્ધો અને સાથીઓને પુરી, પકડી, મારી, અરવિન્દાએ પિતાના ગૃહનો ત્યાગ કર્યો. પાંચ વર્ષ વીતી ગયાં. એક આશ્રમની અધિષ્ઠાત્રી અરવિન્દાએ સેંકડો બહેનોની સેવાભાવી અરવિન્દાઓ ઘડી તૈયાર કરી હતી. દરેકનું ધ્યેય પુરૂષોના હીચકારા આક્રમણોમાંથી રીબાતી બ્હેનનું રક્ષણ કરવાનું હતું.




## અ...વ...ન...વા.

**સ્થાનીક**—'તરુણ જૈન' સમિતિએ આ પત્રના [illegible] થતા તંત્રી ભાઇ ચંદ્રકાન્ત સુતરીયાએ બજાવેલી સેવા બદલ આભારજનક ઠરાવ કર્યો હતો. (૨) આ. જીનદત્ત સુરિજીની જયંતિ આ. જિનેંદ્રસુરિજીના પ્રમુખપણા નીચે ઉજવાઇ હતી. (૩) અનેક કોન્ફરન્સોના ઠરાવો છતાં જાણીતા સોલીસીટર અને કોન્ફરન્સના એક વખતના મંત્રી મોહનલાલભાઇના પિતા ભગવાનદાસના વૃદ્ધ વયે થયેલા અવસાન સમયે જાહેરમાં રડવા કુટવાનું પ્રદર્શન બંધ થયું નહોતું. પછી જુની ઘરેડે ચાલનારાઓનું તો પુછવુંજ શું? (૪) અજીતસાગરસુરીજીના શિષ્ય લલિતસાગર વેશપરિવર્તન કરી મુંબઇ આવ્યા હતા (૫) આવતી ધારાસભામાં ૧૩ મી ઓગસ્ટે મી૦ રીસાલદાર દિક્ષાનો ધારો રજુ કરવાના હોવાથી રૂઢિચુસ્તોમાં ફફડાટ શરૂ થયો છે. (૬) કોલભાટ લેનમાં રહેતા દશાશ્રીમાળી વણીક પોપટલાલ—નાગજી, એમના પત્ની અને પુત્રને પોલીસે તા. ૧૦ મીએ પકડયા હતા. તેઓ અમદાવાદના રહિશ છે, તેમની સાથે ધરપકડ વખતે એક મરાઠી બાઇ અને બે ગુજરાતિ બાઇઓને પણ પકડવામાં આવી હતી, તેમના ઉપર અનિતિના ધંધા માટે—કુટણખાનું ચલાવવા માટેનો આરોપ હોવાનું કહેવાય છે—સમાજ જીવન કઇ હદે પહોંચ્યુ મશુલ! (૭) પાવપુની ઉપર આદેશ્વરજીની ચાલીમાં નીચેના મજલે અંબાજી માતાની મૂર્તિ દહેરીના રૂપે સેવકો તરફથી કરવામાં આવી છે, ટ્રસ્ટીઓ ધ્યાનમાં લેશે?

**મહેસાણા**—કડીના રહિશ અને રાજ્યના અમલદારના અમાસ્વાલાને ત્યાં સાગરાનંદજીએ હાથ નાખ્યો હતો અને ભાઇ જીવણલાલ નામના જુવાનને મુંડી નાખ્યો. મુનિસંમેલનના ઠરાવને અભરાઇએ ચઢાવી જમાત વધારવા ઇચ્છતા મુનિશ્રીને આ ચેલો ન પચ્યો અને અષાડ સુદ ૯ ની રાત્રે એ ભાઇ ઓઘો, અને વેષ પડતો મૂકી સંસારમાં આવી ગયા, દિક્ષાનો કરુણ અંત તે આનુ નામ!

**વેરાવળ**—જૈન કન્યાશાળાની શીક્ષિકા બ્હેન કલાવતીએ દિક્ષા લીધી. કાર્તિકમાસમાં બીજી પાંચ છ બ્હેનો દિક્ષા લેવાના છે. આ દિક્ષાઓના સાચા કારણ તો તે બ્હેનોનાં અંતર જાણે. પણ અમદાવાદને આંગણે મળેલા સંમેલનના ઠરાવ અનુસાર દિક્ષાઓ અપાશે? બ્હેન કલાવતીની દિક્ષા પ્રસંગે સાધુ સંમેલનના ઠરાવો પળાયા નહીં હોવાથી આ બનાવે સનસનાટી ફેલાવી છે.

**પાલનપુર**—શ્રી. સંઘે તુટતા સગપણો માટે કડક ઠરાવો કર્યા છે. ગયા વર્ષે થયેલા એક પર બીજી પત્ની નહીં કરવાના, અને સગપણો નહીં તોડવાના થયેલા ઠરાવો તુટવા છતાં મહાજન કશું કરી શકતું નથી ત્યારે શું ઉપરનો નવો ઠરાવ પોકળ પાવાની મહેલાત જેવો તો નહી રહેને? આંખા કણબીએ ગામ વસ્યાં સાંભળ્યા નથી.

**[illegible]**—રાજ્ય તરફથી જ્ઞાતિ ત્રાસ નિવારણ ધારો જુલાઇના ગેઝેટમાં બ્હાર પાડવામાં આવ્યો છે જુના વિચારનાઓમાં ખુબ ઉહાપોહ થઇ રહ્યો છે. પ્રગતિને નહીં ઓળખનારાઓ ભલે ફુટાઢોલ પીટે!

**ઝાંસીની** આસપાસમાં ચંદ્રભાનજી નામના એક પ્રતિષ્ઠીત જૈનનું ગોળીબારથી ખૂન કરવામાં આવ્યું છે. ખુનીનો પત્તો નથી.

**અમદાવાદ**—વાગતા વાજાઓનો વિરોધ છતાં દિક્ષા આપવામાં એક્કા બનેલા મુનિરામવિજયે વિદ્યાશાળામાં વડવાળુવાળા મણીલાલમોકમદાસને મુંડી જમાતમાં વધારો કર્યો છે. નવી દિક્ષીત બનારની પત્નિના ભરણપોષણનો બંદોબસ્ત કરવામાં આવ્યો કે જેને લગતી ફરીયાદ એ બાઇના આપ્તજનોએ જાહેર પત્રોદ્વારા કરી હતી. આમ મુનિસંમેલનના ઠરાવને અભરાઇએ ચઢાવવામાં આવ્યો છે. તેમજ રતિલાલ—પ્રેમચંદ નામના એક બીજા સખ્સને પણ ઓઘો પકડાવી દેવામાં આવ્યો છે. અમદાવાદના જૈનોમાં આ બનાવે ખુબ ચકચાર જગાવી છે. એટલુંજ નહિં પણ સંમેલનની શાહી સુકાઇ નથી તે પહેલાં તેને ઠોકરે મારવા તૈયાર થતા આ મુનિ સામે રોષની લાગણી ખુબ પેદા થઇ છે. (૨) શ્રી ત્રીકમલાલ ઉગરચંદની પુત્રિ બ્હેન વીરબાળા કર્વે યુનીવર્સીટીની બી. એની પરિક્ષામાં મુંબઇ ઇલાકામાં પહેલે નંબરે ઉત્તીર્ણ થયા છે. જૈનોના સ્થાનકવાસી સમાજમાં આ બ્હેન પહેલાજ ગ્રેજ્યુએટ છે, અમારા અભિનંદન.

**સ્વીકાર**—મહાવીર સ્ટુડન્ટસ યુનીયનનું વાર્ષિક પ્રકાશન 'તણખા' મળ્યું છે. વિગતે સમાલોચના હવે પછી.

---

**સૂચના કરતા ગયી**. ઠરાવપર મત લેતાં દસ તરફેણમાં, પાંચ તટસ્થ ને એક વિરુધ્ધ મતે પાસ કરવામાં આવ્યો. પરિષદના ઠરાવોને અંગે કાર્યક્ષેત્ર તૈયાર કરવા વિચારવાની સત્તા સાથે નીચે મુજબ ત્રણ કમિટીઓ નીમવામાં આવી હતી. જેઓએ પોતાની યોજનાઓ તૈયાર કરી, ચાર માસની અંદર વર્કિંગ કમિટીમાં તેનો રિપોર્ટ મુકવો એમ નિર્ણય થયો હતો.

૧. **કેળવણી કમિટી**—ડૉ. કેશવલાલ મલુકચંદ પરીખ, મુળચંદ આશારામ વૈરાટી, વેલચંદ ઉ. મ્હેતા વકીલ અને શ્રી. મણીલાલ ખાલાભાઇ નાણાવટી—મંત્રી.

૨. **ધાર્મિક અને સાહિત્યપ્રચાર**—પ્રો. કેશવલાલ હિ. કામદાર, પરમાનંદ કુંવરજી કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી અને ધીરજલાલ ટોકરશી શાહ—મંત્રી.

૩. **સામાજીક**—મણીલાલ મોકમચંદ શાહ, સારાભાઇ મો. દલાલ, ભાયચંદભાઇ અમરચંદ શાહ વકીલ, દેવીચંદભાઇ, તથા ડૉ. અમીચંદ છગનલાલ શાહ—મંત્રી.

વાર્ષિક સામાન્ય સભાને ડૉ. અમીચંદભાઇ તરફથી આમંત્રણ થતાં સ્વિકારવામાં આવ્યું અને માગસર સુદ ૧૫ સુધીમાં બોલાવવાનો નિર્ણય થયો, પ્રમુખશ્રી તરફથી એક વરસ માટે દર મહિને રૂ. ૨૫) કામકાજ અંગે આપવાનું જાહેર થયું. '[illegible] સેવાસમાજ' પાલનપુરનું રાજીનામું મંજુર કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીએ અંતીમ પ્રવચન કર્યા પછી, ઉપકાર માનવાની યોગ્ય વિધિ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રેસમાં છાપી શ્રી જૈન યુથ સીંડીકેટ માટે નવુ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪ મુંબાઇ નં. ૨ તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.